# ગીતા ના ભગવાન

ગીતા સનાતન ધર્મ નું મુખ્ય શાસ્ત્ર છે. ગીતાની મહિમા ઘણી છે. ગીતા એ વિશ્વ ના બધા જ ધર્મ શાસ્ત્ર માં શિરોમણી છે. બધા જ ધર્મ શાસ્ત્ર નો આધાર પાયો છે.માટે જ ગીતા ને માતા કહેવામાં આવે છે.ગીતા નું જે ઘરમાં વાંચન પુજન થાય તે ઘરમાં લડાઇ ઝઘડા ન થાય અને ભૂત પ્રેત પણ ભાગી જાય છે. ગીતા મહિમન સ્તોત્રમાં એવો ઉલ્લેખ છે કે જોત મે ગીતાનું વાંચન કરો તો અમુક ફળ મળે છે.એક અધ્યાય બે અધ્યાય અઢાર અધ્યાય વાંચવાથી ફળ મળે છે. કોર્ટમાં પણ જજ ગુનેગાર પાસેથી સત્ય વાત કઢાવવા માટે સોગંધ પણ ગીતા ની જ આપે છે. ઘણા ધાર્મિક વૃત્તિ ધરાવનારા લોકો ગીતાના વાંચન પછી જ નિત્યક્રમ શરુ કરતા હોય છે.ઘણા લોકો જે વાંચી નથી શકતા તેઓ ગીતાનું પૂજન પણ કરે છે. આપણે રોજ ગીતા નો પાઠ તો કરીએ છીએ પરંતુ માત્ર શ્લોક નું વાંચન કરવાથી,અનુવાદ કરવાથી પ્રાપ્તિ થતી નથી આચરણમાં લાવવાની જરુર છે. ગીતામાં આપેલી શિક્ષાઓ જીવન ઉપયોગી છે જીવનને સ્પર્શે નહી તો માત્ર વાંચન કરવાનો શો અર્થ? ગીતા એ ખુબ જ ગુઢ રહસ્યયુક્ત જીવનનો ઉપયોગી ગ્રંથ છે. માટે જ ગીતા ને માતા કહીએ છીએ પરંતુ વર્તમાન સમયે આપણે ગીતા ને સમજી ન શકવાના કારણે ગીતા ની વાતો જીવન સુધી પહોંચી શકી નથી. જો આપણે ગીતા ની અર્થપૂર્ણ વાત ોને જીવન સુધી પહોંચાડવાનું કાર્ય કરીએ તો ચોક્કસ સમાજ ને નવી સિશા મળશે.તે માટે ગીતામાં રહેલા રહસ્યો ને સમજવા પ્રયત્ન કરીએ. આ મહાન ગ્રંથ આપણને શું ઉપદેશ આપે છે.

ગીતા એક એવો ધર્મ શાસ્ત્ર છે. જેમાં પ્રથમ પુરુષ થી સંબોધન છે. ડાયરેક્ટ સંવાદ છે. હે અર્જુન ..રામાયણ મહાભારતના લેખકો વિશે આપણે સહુ જાણીએ છીએ .રામાયણ વાલ્મીકી, તુલસીદાસે લખી.મહાભારત વેદવ્યાસે લખ્યું એવા ઉલ્લેખો છે કે વેદ વ્યાસે માત્ર ચાર હજાર ષ્લોક ની રચના કરી હતી.ત્યારે તેનું નામ જય હતું ઋષિ વૈષમ્પાયન દ્વારા વિસ્તૃત કરવામાં આવી અને ભારત સંહિતા નામ પડયું.તેમણે તેમના ત્રણ શિષ્યો ને આ ચાર હજાર શ્લોક સંભળાવ્યા તો તેમણે દરાકે આઠ હજાર શ્લોકો ની રચના કરી આમ ચોવિસ હજાર

શ્લોક થયા ત્યારે તેનું નામ ભારત પડયું અને આજે મહાભારત ના એક લાખ શ્લોક છે.ત્યારે તેને મહાભારત કહેવામાં આવે છે.
ગીતા અપૌરુષેય છે.કોઇ વ્યક્તિ દ્વારાગાવામાં આવી નથી ભગવાનુવાચ છે. પરમાત્માો આપેલું ડાયરેક્ટ જ્ઞાન શ્રીમદ્દ ભગવદ્દ ગીતા એટલે ભગવાને ાાપેલી શ્રેષ્ઠ તે શ્રેષ્ઠ મત .જે શ્રીમત થી ભગવાન આપણને રાજાઓના રાજ બનાવે છે. ગીતા એ વિશ્વની સર્વ ધર્મ ના આત્માઓના પિતાએ આપેલું જ્ઞાન હોવાથી સર્વ ધર્મ ની આત્માઓ માટેનું શ્રેષ્ઠ જ્ઞાન છે. ગીતામાં સર્વ વેદો,શાસ્ત્ર નો સાર આવી જાય છે. ગીતા એક જ એવું ધર્મ શાસ્ત્ર છે જેનું અનેક ભાષાઓમાં રુપાંતર થયું છે. ૠળછ વધુ ગીતાઓ જુદા જુદા લેખકો દ્વારા લખાઇ છ ઇશ્વર ની ગીતા,ટાગરની ગીતા,શિવ ગીતા,ગણેશ ગીતા,ગાંધી ની ગીતા,મહર્ષિ અરવિંદ ની ગીતા વગેરે વગેરે
ગીતા ના પ્રથમ અધ્યાય ના પ્રથમ શ્લોકમાં અવું કહેવામાં આવ્યું છે કે ધર્મક્ષેત્રે કુરુક્ષેત્ર .જે સ્થાન પર અક્ષૌણી સેનાનો નાશ થવાનો હોય તે સથાન ને ધર્મક્ષેત્ર કહયું છે. મહાભારત ના યુધ્ધ ને ધર્મ યુધ્ધ કહયું છે. જો હિંસક યુધ્ધ હોત તો ધર્મ યુધ્ધ કહી શકાય ખરા?
યુધ્ધ માં ભગવાન જ અર્જુનના રથના સારથી બને છે. અર્જુન જ્યારે યુધ્ધ ના મેદાનમાં જાય છે ત્યારે ભગવાનને કહે છે કે મારા રથ ને બંન્ને સેનાઓની વચ્ચે લઇ જાઓ હું જોઇ લઉ કે મારા સામે પક્ષે કોણ કોણ છે.?જ્યારે બન્ને સેનાની વચ્ચે રથ ઉભો રાખવામાં આવ્યે સામે પક્ષે કાકા,મામા,ભાઇ,પિતામહ ને જોઇને અર્જુનને મોહ ઉત્પન્ન થાય છે .યુધ્ધ કરવાની ના પાડીને ગાંડીવ નીચે મુકી ને રથ ની પાછળની સીટ પર બેસી જાય છે,અને ત્યાં થી જ ગીતા ના જ્ઞાન ની શરુઆત થાય છે. ગીતાના ભગવાન અર્જુનને યુધ્ધ કરવા પ્રેરે છે. પરંતુ અર્જુન કહે છે કે આવું લોહી થી ખરડાયેલું રાજ્ય હું શું કરું?
ગીતા ના ભગવાન અર્જુનને સમજાવે છે કે હે અર્જુન જેનો શોક નથી કરવાનો તેનો તું શોક શા માટે કરે છે. સઘળી વાતો છોડીને તુ મારી શરણ માં આવી જા.હું તને બધા જ પાપો થી મુક્ત કરીશ. આ બધા ને મરેલા સમજીને માર,હું તું અને આ બધા પહેલાં પણ હતા,આજે છે. અને

ફરી પણ હશે.આત્મા અજર અમર અવિનાશી છે. દેહ વિનાશી છે. માટે તું યુધ્ધ જરુર કર.

ગીતામાં એક તરફ ભગવાને ભગવાને યુધ્ધ કરવાની પ્રેરણા આપી છે તો બિલકુલ અપોઝીટ વાત કરી છે કે કામ,ક્રોધ લોભ ,મોહ નર્ક ના દ્વારા છે તું તેને છોડી દે.ગીતામાં ાવી વિરોધાભાષી વાત ને આપણે સમજવા પ્રયત્ન ન કર્યો .કે ભગવાને આવું શા માટે કહયું કે યુધ્ધ કર પણ ક્રોધ ન કર,તો કયા યુધ્ધ ની વાત છે?

ગીતા અઢાર અધ્યા સાતસો શ્લોકો ની બનેલી છે.ગીતામાં વર્ણિત જ્ઞાન લોક ઉપયોગી છે. માત્ર પાઠ કરીએ ગીતાના રહસ્યોને સમજીશું નહી તો તે જ્ઞાન જીવન સુધી કેવી રીતે પહોંચશે?આપણે ગીતાની વાતોને અર્થ જાણવા માટે કેટલાક સવાલો પોતાને પુછીએ ટીકા ખાતર નહીં યુધ્ધ ના મેદાનમાં ભગવાન અને અર્જુન વચ્ચે નો સંવાદ બે સિવાય ત્રીજું કોઇ સાંભળનાર નહોતું તો આપણી પાસે ગીતા કયા આધારે આવી?શું બન્ને નો સંવાદ ચાલતો હતો ત્યારે બીજા યોધ્ધાઓ,સેના રાહ ોઇને ઉભા રહયા? કે અર્જુન લડવા તૈયાર થાય ત્યારે જ યુધ્ધ કરીએ.એક તરફ જોવામાં આવે તો યુધ્ધ નિયમસર ચાલુ થાય પરંતું કૌરવો અને નિયમ ને કોઇ સંબંધ જ નથી કૌરવો જો નિયમ પાલન કરવાનું શરુ કરે તો યુધ્ધ ની કોઇ જરુર જ ન પડે.ભગવાન ક્યારે હિંસક યુધ્ધ ની પ્રેરણા આપે ખરા? વાસ્તવમાં આ યુધ્ધ હિંસક નહી પરંતું અહિંસક છે. કુરુક્ષેત્ર કુરુ એટલે કર્મ ક્ષેત્ર મેદાન છે.જ્યાં વર્તમાન સમયે કૌરવો,પાંદવો અને યાદવો ત્રણેય સેના ગોઠવાયેલી જ છે. અસુર ને મારવાથી પાપ ન લાગે એવું વિચારીએ પરંતું હિસા એ હિંસા છે. આપણા ધર્મ નો પાયો જ અહિંસા પરમો ધર્મ છે. તો પછી ભગવાન હિંસા માટે પ્રેરણા આપે ખરા? કૌરવો એટલે ભગવાનથી વિપરીત બુધ્ધિવાળા જે ક્યારેય સરુ તો ન કરે પણ બીજા ને કરવા પણ ન દે. કૌરવોનાં નામ દુર્ગણોનું પ્રતિક છે.દુર્યોધન એટલે ધન નો દુરઉપયોગ કરનારા, દુષાસન એટલે ખરાબ સાશન કરનારા.કૌરવો ને સૌ બતાવ્યા છે.એટલે કે વિશ્વમાં આટલા બધા લોકોમાં મેજારીટી લોકો દુર્ગુણોવાળા,મહાભારતમાં દુર્યોધનના ુખે

બોલાયેલો શ્લોક છે કે
"ધર્મમ જાનામિ નચ મેવ પ્રવૃત્તિ
અધર્મમ જાનામિ નચમેવ નિવૃત્તિ"
ધર્મ શું છે તે હું જાણું છું પરંતું આચરણ કરી શકતો નથી
અધર્મ શું છે તે જાણું છું પરંતું છોડી શકતો નથી.
વર્તમાન સમયે વિશ્વમાં આવા લોકોની સંખ્યા ઘણી બધી છે કે સારું શું છે તે જાણે છે પરંતું જીવનમાં આચરણ કરી શકતો નથી જેમકે સાચું બોલવું જોઇએ આ બધા જાણે છે પરંતું સાચું બોલી શકાતું નથી ,ખરાબ શું છે તે જાણે છે પરંતું છોડી શકતા નથી આવા દુર્યોધન ના જેવા વાક્યો કહેવાવાળા ઘણા લોકો જોવા મળે છે.માટે કૌરવો ને સો બતાવ્યા છે. દુર્યોધન દુષાસને એક દ્રોપદીની લાજ લૂંટી હતી. વર્તમાન સમયે એક નહી અનેક દ્રોપદીઓની ઘર ઘરમાં લાજ લુંટાઇ રહી છે.ઘર ઘરમાં દુર્યોધન અને દુષાશન છે.માત્ર પાંચ ટકા લોકો સારા છે માટે જ પાંડવો પાંચ જ બતાવ્યા છે.પાંડવો નાં નામ ગુણવાચક છે.
યુધિષ્ઠીર એટલે યુધ્ધ માં સ્થિર રહેવાવાળા,ભીમ શક્તિ નું પ્રતિક છે. અર્જુન એટલે જે અર્જન કરે છે. ધારણ કરે તે. નકુલ એટલે જેને જાતિ કુળનું અભિમાન નથી,અને સહદેવ એટલે જે દેવો ના કાર્યમાં સહયોગ આપે છે. તે સહદેવ છે. આમ પાંચ પાંડવોનાં નામ ગુણ અને કૌરવોનાં નામ અવગુણ ઉપર છે.પાંદવ એટલે ભગવાન થી પ્રિત બુધ્ધિ અને કૌરવ એટલે ભગવાન થી વિપરીત બુધ્ધિ.ગીતામાં વર્ણન છે કે વિનાશ કાલે વિપરીત બુધ્ધિ વિનશ્યન્તી અને પ્રિત બુધ્ધિ વિજયન્તી.
મહાભારતમાં ત્રીજી એક યાદવ સેના નું પણ વર્ણન છે.યાદવો માટે એવો ઉલ્લેખ છે કે યાદવોએ પેટમાંથી મુસળ કાઢયા અને પોતાન સહિત આણા કુળ નો નાશ કર્યો. વિચાર ની વાત તો એ છે કે મુસળ કોઇ પેટમાં હોઇ શકે ખરા? પ્રંતું તે શાની યાદગાર છે. મુસળ અને મિસાઇલ એક જ રાશી છે.પોતાની બુધ્ધિ થી એવા એટમ બોમ્બ મિસાઇલ ની શોધ કરી પોતાના સહિત આખી સૃષ્ટી નો વિનાશ થાય .કોઇ વાત કોઇને ન કહેવાની હોય અને તે વ્યક્તિ બીજા ને કહે ત્યારે આપણે તે માણસનો ભરોસો નથી રાખતાં અને

કહીએ છીએ કે આ વ્યક્તિ ના પેટમાં વાત ટકતી નથી
.વાત પેટમાં નહી બુધ્ધિમાં છે.આમ પેટમાં થી મુસળ
એટલે પોતાની બુધ્ધિ થી આવી શોધ કરી જેનું પ્રતિક
દર્શાવ્યું છે.આમ વર્તમાન સમયે આ સંષ્ટિ રુપી કર્મક્ષેત્ર પર
ત્રણેય સેનાઓ હાજર છે.
ગીતામાં ભગવાનને આવવાના સમય વિશે પણ વર્ણન
છે.''યદા યદા હી ધર્મસ્ય ગ્લાર્નિભવતિભારત
અભ્યુત્થાનમ અધર્મસ્ય તદાત્માનમ સૃજાહમ્યહમ
પરિત્રાણાય સાધુનામ વિનાશાય ચ દુશ્કૃતામ
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે''
ગીતામાં દર્શાવ્યા અનુસાર વર્તમાન ધર્મગ્લાની ના
પરમાત્મા આ ધરા પર આવે છે.બે વાતો ગીતામાં બતાવી
છે ધર્મ ની ગ્લાની અને યુગે યુગે આવે છે.જો પરમાત્મા યુગે
યુગે આવતા હોય તો વેદોમાં ચાર યુગ દર્શાવ્યા છે અને એક
કલ્યાણકારી યુગ સંધિકાળ કહયો છે.તો કદાચ ભગવાન
યુગે યુગે આવે તો ચાર વાર આવે અને સંધિકાળ ને
સમાવી લઇએ તો પાંચવાર આવે.હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં
ભગવાનના દશ અવતારનું વર્ણન છે.ભગવાન યુગે યુગે આવે તો
પણ પાંવાર આવે એક યુગમાં બે વાર આવીશ એવું કહેવામાં
આવ્યું નથી.જૈન ધર્મ માં ચોવિસ અવતાર કહયા છે. સતયુગ,
ત્રેતાયુગ માં કોઇ ધર્મગ્લાની છે જ નહીં.દ્વાપરયુગ થી કંઇક
ધર્મગ્લાની શરુ થાય છે.જો ભગવાનં.દ્વાપરયુગમાં આવે તો
પછી નો સમય સતયુગ આવવો જોઇએ.તેના બદલે અતિ
હળાહળ કળીયુગ આવ્યો આપણે એવું તો ક્યારેય બ કહી
શકીએ કે ભગવાન આવી ને જ્ઞાન આપી ને ગયા તો
કળીયુગ આવ્યો .નહી પરમાત્મ જ્ઞાન થી વિશ્વનું પરીવર્તન
થવું જોઇએ.અતિ ધર્મગ્લાની તો કળીયુગના પણ અંતમાં
હોય છે. જેને સંધિકાળ ,સંગમયુગ કહેવામાં આવે છે.જે
વર્તમાન સમયે ચાલી રહયો છે. અને પરમાત્મા પણ ધરા
પર આવી ને ગીતાનું જ્ઞાન આપી રહયા છે.અર્જુન એટલે જે
પરમાત્મ જ્ઞાનને ડાયરેક્ટ સાંભળીને ધારણ કરે છે તે અર્જુન
છે.આપણે સહુએ પણ ગીતા વાંચતા સમયે એવું વિચારવાનું
છે કે હું અર્જુન છું અને ભગવાન મને કહી રહયા છે તો જ
ગીતાની જીવનોપયોગી વાતોને ધારણ કરી શકીશું

ભગવાને ગીતામાં કહયું છે કે

• હે અર્જુન કર્મ કરતાં પણ તું મને યાદ કર ,

• હે અર્જુન કામ,ક્રોધ લોભ,મોહ એ નર્કના દ્વાર છે તુ તેને છોડી દે.પણ યુધ્ધ જરુર કર.વિચાર કરીએ ક્રોધ વિના કયુ યુધ્ધ કરવાની ભગવાન પ્રેરણા આપે છે.

• સાથે સાથે યુધ્ધ કરવાની પ્રેરણા આપતાં કહયું કે હે અર્જુન તું યુધ્ધ કર,જો તું યુધ્ધમાં જીતીશ તો તને ત્રણેય લોકનું રાજ્ય મળશે અને લડતાં લડતાં મરીશ તો પણ સ્વર્ગ તો જરુર મળશે.આજ સુધી તો તું પંડીતાઇ ની વાતો કરતો હતો,અને આજે મુઆ જીવતાં નો શોક કરે છે? આ સઘળી વાતો છોડીને તું મારી શરણમાં આવ હું તને બધા જ પાપોથી મુક્ત કરીશ.

• હે અર્જુન તું યોગી બન જ્ઞાની બન,યોગી તું આત્મા જ મને વધુ પ્રિય છે.

• હે અર્જુન

વાસ્તમાં આ સૃષ્ટિ જ એક યુધ્ધ નું મેદાન છે જ્યાં ત્રણેય સેનાઓ ,અને ભગાવન પણ હાજર છે.આપણી બુધ્ધિ રુપી તરકશમાં જ્ઞાન બાણ ભરી રહયા છે. અને આપણી જ અંદર રહેલા વિકારો રુપી અસુરો ને મારવાનો ઇશારો કરે છે.આખી ગીતામાં એક પણ શ્લોકમાં અવો ઉલ્લેખ નથી કે દુશ્મનનું આ બાણ આવે તો તારે આ બાણ છોડવું.પરંતુ અવું કહેવામાં આવ્યું છે કે

• હે અર્જુન જેમ કાચો પોતાની કર્મેન્દ્રીયોને સમેટી લે છે તેમ તું પણ ઇન્દ્રીયોને સમેટી મન મારામાં લગાવ.

ગીતામાં યુધ્ધ કરતાં જ્ઞાનની ગહરાઇ નું વર્ણન છે. આત્મા,પરમાત્મા,પરમાત્માનું રહવાનું ધામ,પરમાત્માનો આવવાનો સમય દર્શાવ્યો છે.આત્મા વિશે એક શ્લોકમાં કહયું છે કે“નૈનં છિદન્તી શસ્ત્રાણી નૈનં દહતી પાવકઃઓ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી,અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી ન શકે અને પવન સુકવી ન શકે.આત્મા અજર અમર અવિનાશી છે.પરમાત્મા વિશે ગીતાના પંદરમા અધ્યાયમાં પુરુષોત્તમયોગ માં કહયું છે કે અર્જુને હજારો સૂર્યથી તેજોમય રુપ નો

સાક્ષાત્કાર કર્યો.આપણે હજારવાર ગીતા વાંચ્યા પછી પણ સમજી ન શક્યા કે જો ભગવાનનું રુપ આવું હજારો સુર્યથી તેજોમય હોય જેના માટે અર્જુને અવું કહયું કે હું સહન નથી કરી શકતો ,તો આપણે જન્મ જન્માન્તર પરમાત્મ દર્શન માટે મહેનત શા માટે કરીએ છીએ? વાસ્તવમાં પરમાત્માનું રુપ તો આત્માના જેવું જ જ્યોર્તિ બિંદુ સ્વરુપ છે,પરંતું શક્તિયોમાં અનંત છે.
પરમાત્માના રહેવના ધામ વિશે પણ ગીતામાં વર્ણન છે કે
" ન તદ્દભાસયતે સુર્યો ન શસાંકો ન પાવક:
તદ્દ ધામ મમ પરમધામ"
જ્યાં સુર્ય અને ચંદ્દની રોશની પણ નથી પહોંચી શકતી તે મારું ધામ પરમધામ છે.આમ ભગવાનનું રહેવાનું ધામ પરમધામ છે.
ગીતાના છેલ્લા અધ્યાયોમાં કહયું છે કે હે અર્જુન હું એક સાધારણ તનનો આધાર લઉ છું મૂઢમતિ લોકો મને ઓળખી શકતા નથી.કોટોમાં કોઇ અને કોઇમાં પ ણ કોઇ મને ઓળખી શકે છે.આપણે અનેકવાર આ શ્લોક વાંચ્યો પ્રભુ પ્રાપ્તિમાટે પાગલ પ્રભુ દર્શન માટે ભટકતા રહયાં પરંતું ભગવાને કહેલા આ શબ્દો પર વિચાર ન કર્યો કે ભગવાન કયા સાધારણ તનમાં આવશે?સાધારણ તન એટલે કળીયુગી શરીર જેને સૌથી વધુ જન્મ લીધા છે એવા સાધારણ તનનો આધાર લઇ જેમનું કર્તવ્ય વાચક નામ પ્રજાપિતા બ્રહમા રાખ્યું અને તેમના દ્વારા જ્ઞાન આપે છે.
ગીતાનો સાર નષ્ટોમોહ સ્મૃતિલબ્ધા છે.વારંવાર ભગવાને કહયું છે કે હે અર્જુન દેહ અને દેહના સંબંધોને ભૂલી તું મન મારામાં લગાવ.મન મનાભવ
"સર્વધર્માનિ પરિત્યજ્ય મામેકમ શરણં વ્રજ:"
આ વાક્ય એજ કહી શકે જેને દેહ નથી.જે વિદેહી અવ્યક્તમૂર્ત છે.માટે ગીતામાં ભગવાને પોતાનો પરિચય આપતાં કહયું છે કે "હું અજન્મા અકર્તા અભોક્તા છું,હું સર્વ નો માતપિતા છું અવ્યક્તમૂર્ત છું"
ભગવાન અવ્યક્ત છે તો તેમણે કેવી રીતર જ્ઞાન આપ્યું ?ગીતામાં દર્શાવ્યું છે કે ભગવાન પાંચ ઘોડાવાળા રથ ના સારથી બન્યા.પાંચ ઘોડા તે પાંચ ઇન્દ્રીયોનું પ્રતિક છે.શરીર ને રથ પણ કહેવામાં આવે છે.પ્રજાપિતાના શરીર રુપી રથનો આધાર લઇ જ્ઞાન આપે છે.
ગીતામાં પરમાત્મશક્તિ ની ઉચ્ચતા દર્શાવવા કહયું છે કે "હે અર્જુન પર્વતોમાં હિમાલય હું છું ,હાથીઓમાં ઐરાવત હું છું,નદીઓમાં ગંગા હું છું"

એટલે કે હાથીઓમાં ઐરાવત એ સર્વોચ્ચ છે,નદીઓમાં સૌથી પવિત્ર ગંગા છે.પહાદોમાં ઉચો હિમાલય છે. આમ હાથીમાં ગંગામાં,પહાડોમાં પણ ભગવાન નહી પરંતુ સર્વોપરી સ્ત્તા નું વર્ણન છે.

ગીતાનું આખું નામ શ્રીમદ્દભગવદ ગીતા છે. શ્રીમદ્દ એટલે ભગવાનની શ્રેક્ષ્ઠ તે શ્રેષ્ઠ જીવન બનાવનાર મત.ભગવદ્દ એટલે ભગવાને ઉચ્ચારેલું એવું આ જ્ઞાન છે.સમયાન્તરે જેમ જેમ ગીતા લખાતી ગઇ તેમ તેમ અનેક લેખકો દ્વારા અનેક મત ઉમેરાતી ગઇ અને કાલાન્તરે ગીતામાં પણ ઘણા ફેરફારો થયા છે.અને માટે જ પહેલાં ના સમયમાં કોઇ ગીતાની જૂઠી સોગંધ ન ખાતાં અને વર્તમાન સમયે તો ખૂની પણ હાથમાં ગીતા ઉઠાવી જૂઠા સોગંધ ખાય છે.ગીતા દરેક હિન્દુઓના ઘરમાં હોવા છતાં પણ ઘર ઘરમાં લડાઇ ઝઘડા છે.

ઘણા વિવેચનકારો એ ગીતાની પણ ટીકા કરી છે.ભગવાને આપેલું જ્ઞાન અપૂર્ણ કે ટીકા પાત્ર ન હોઇ શકે,પરંતુ જેમ જેમ લેખકોએ ગીતા લખી દરાકે પોતાની એકાદ વાત ઉમેરી ગીતાનું અર્થઘટન પોતાની રીતે કર્યું આમ અનેક લોકોની મત ટીકા ને પાત્ર બની છે.

- ब्रह्माकुमारीज् वार्ता फिचर्स

www.bkvarta.com